<u>**ગરૂડેશ્વર ના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં મુ. ગરૂડેશ્વર**</u>

**ફોજદારી કેસ નં–૫૩૮/૨૦૨૬**

**આંક–૮**

| | | |
|---|---|---|
| ફરિયાદી | : | સરકારશ્રી |
| | | <u>વિરૂધ્ધ</u> |
| આરોપી | : | મુકેશભાઈ રઘુભાઈ તડવી<br>રહે.ઉમરવા જોશી નિશાળ ફળીયુ,તા. ગરૂડેશ્વર, જિ.નર્મદા |
| ગુન્હો | : | **બોમ્બે પ્રિવેન્શન ઓફ ગેમ્બલીંગ એક્ટ ૧૯૮૮ ની કલમ–૧૨ (અ) મુજબ** |

<u>**–ઠરાવ–**</u>

૧. આ કામના ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીઓ **તા–૨૩/૧૨/૨૦૨૫ ના રોજ મોજે ઉમરવા જોશી નિશાળ ફળીયુ,તા. ગરૂડેશ્વર, જિ.નર્મદા ગામે ગે.કા.આંક ફરકના આંકડાઓ લખી આંકડાનો જુગાર રમતા** મળી આવી જુગારના સાધનો તથા રોકડ રકમ સહીત પકડાઈ જઈ જુગાર ધારાની કલમ– ૧૨(અ) મુજબની શિક્ષાપાત્ર ગુનો કરેલ હોય તેને અટક કરી પુરતો પુરાવો હોય ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. આ કામે આરોપી/આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતા હતા તેઓને પોલીસ તપાસના તમામ પેપર્સની નકલો વિના મૂલ્યે મળ્યાની ખાતરી કર્યા બાદ ફરીયાદપક્ષના તહોમત મુજબનુ, તહોમત વાંચી સંભળાવતા આરોપીઓને તેઓની ઉપર મુકેલ તહોમત સ્વૈચ્છિક રીતે કોઈ દબાણ કે ધમકી વગર કબુલ કરીને **આંક– ૭** થી ગુનાની કબુલાત પુરસીસ આપી ગુનો કબુલ કરવા માંગે છે. તેવું જાહેર કરતા આરોપીની **આંક–૦૪** થી પ્લી લેતા તેઓએ તેમની સામેનો ગુનો કબુલ કરેલ છે અને દયાની અરજ કરતા જણાવે છે કે, તેમનો આ પ્રથમ ગુનો છે,ગરીબ માણસ છે. કુટુંબના ભરણ પોષણની જવાબદારી તેઓની ઉપર છે. તેઓએ ફરીથી આવો. ગુન્હો નહીં બને તેની ખાત્રી આપેલ છે. આમ, આરોપીની ઉપરોકત દયાને ધ્યાને લેતા આ કામના આરોપીને હુકમમાં જણાવ્યા મુજબની સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ

જળવાશે તેવુ આ અદાલતનું માનવુ છે. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–હુકમ–</u>**

૧. આ કામના આરોપીઓ ને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ની કલમ – ૨૭૫ અન્વયે જુગાર ધારાની કલમ – ૧૨(એ) મુજબ શિક્ષાને પાત્ર ગુનાના કામે તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની શિક્ષા તથા **આરોપીને રૂ. ૧૦૦/ (અંકે રૂપિયા એક સો પુરા)** ના દંડની સજા કરવામાં આવે છે અને દંડની રકમ ભરવામાં કસુર કરે તો દીન– ૨ ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૨. આ કામે તાપાસ અર્થે કબજે કરેલ મુદ્દામાલ રોકડ રકમ અપીલ/રીવીઝન સમય બાદ સરકારે જમા લેવી તથા બાકીના મુદ્દામાલનો નિયમ મુજબ નાશ કરવો.

૩. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ની કલમ – ૪૮૧ મુજબ આરોપી/આરોપીઓના જામીન અપીલ સમય પુરતા ચાલુ રાખવા.

આ હુકમ આજ રોજ તા. ૧૧ મી, માહે.જુલાય, સને. ૨૦૨૬ ના રોજની નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યા.

ગરૂડેશ્વર
તા. ૧૧/૦૭/૨૦૨૬

(કે.એન.પુરાણી)
જ્યુડી. મેજી.ફ.ક., ગરૂડેશ્વર
કોડ નં. જી.જે.૦૧૫૨૮